# ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

## બી.એ. / બી.કોમ. સેમ-૧ માં પ્રવેશ મેળવવા માટેની અગત્યની સૂચનાઓ

જે વિદ્યાર્થીઓએ ધો-૧૨ ની પરીક્ષા પાસ કરેલ છે તેવા વિદ્યાર્થીઓએ બી.એ. તથા બી.કોમ. સેમ-૧ માં પ્રવેશ મેળવવા માટે ગુજરાત સરકાર દ્વારા કોમન એડમિશન પોર્ટલ GCAS ની શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ થી શરૂઆત કરેલ છે. વિદ્યાર્થીઓએ ગુજરાત સરકાર દ્વારા કાર્યરત વેબસાઇટ https://gcasstudent.gujgov.edu.in/applicants/QuickRegistration.aspx પર જઈને સર્વપ્રથમ પોતાની નોંધણી (રજીસ્ટ્રેશન) કરાવવાની રહેશે. નોંધણી થઇ ગયા બાદ પ્રોફાઇલ અપડેટ કરીને માગ્યા મુજબની વિગતો ઓનલાઇન ભરવાની રહેશે. તેમજ ઓરીજનલ (વંચાય તેવા) ડોક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.

વિદ્યાર્થીએ કોઈપણ એક અભ્યાસક્રમ માટે ઓછામાં ઓછા ૨૫ પોતાને ગમતા વિષય (કોલેજ)ની પસંદગી કરવાની રહેશે. ત્યારબાદ છેલ્લે ઓનલાઇન ૩૦૦/- રૂપિયા રજીસ્ટ્રેશન ફી ભરીને પોતાની અરજી ફાઇનલ કરવાની રહેશે. અરજી ફાઇનલ કર્યા બાદ યુનિવર્સિટી/કોલેજ દ્વારા કામચલાઉ મેરીટ યાદી નોટીસબોર્ડ તેમજ કોલેજની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. જો વિદ્યાર્થીને મેરીટમાં કોઇ પ્રશ્ન હોય તો તેઓએ મેરીટ જાહેર કર્યાના ૨ દિવસમાં કોલેજના ગ્રીવન્સ સેલનો સંપર્ક કરીને અરજી આપવી. ત્યારબાદ યુનિવર્સિટી/કોલેજ દ્વારા ફાઇનલ મેરીટ યાદી જાહેર કરવામાં આવશે.

જે વિદ્યાર્થીઓનો પ્રથમ મેરીટ યાદીમાં સમાવેશ થયેલ છે તેવા વિદ્યાર્થીઓએ પોતાના GCAS લોગીનમાં જઈને ઓફર લેટરની પ્રિન્ટ કાઢીને નક્કી કરેલ સમયમર્યાદામાં અસલ પ્રમાણપત્ર, સ્વપ્રમાણિત પ્રમાણપત્ર તથા ફોર્મની પ્રિન્ટ

લઈને રૂબરૂ આવીને પ્રવેશ ફાઈનલ કરાવવાનો રહેશે. જો વિદ્યાર્થી સરકાર દ્વારા જાહેર કરેલ સમયમર્યાદામાં મેરીટમાં મળેલ પ્રવેશ પર ફી નહી ભરે તો જે-તે કોલેજમાં જાહેર થયેલ મેરીટમાં તેનો પ્રવેશનો કોઈપણ જાતનો હક્કદાવો રહેશે નહિ અને તેનું નામ યાદીમાંથી આપોઆપ નીકળી જશે. તેથી વિદ્યાર્થીઓએ પસંદ કરેલ કોલેજમાંથી ગમતી કોલેજમાં મેરીટમાં નામ આવે તો તરત જ પ્રવેશ મેળવી લેવો એ વિદ્યાર્થીની જવાબદારી બને છે.

જે વિદ્યાર્થીઓનું પ્રથમ પ્રવેશ યાદીમાં નામ જે-તે કોલેજમાં આવેલ તેમણે પસંદ કરેલ અન્ય કોલેજના મેરીટ યાદીમાં પણ પોતાનું નામ ચેક કરવાનું રહેશે તેમજ GCAS પોર્ટલ પર પોતાના લોગીનમાં પણ ઓફર લેટર ચેક કરતાં રહેવું. જે વિદ્યાર્થીઓનો પ્રથમ પ્રવેશ યાદીમાં સમાવેશ થયેલ નથી તેમણે જયાં સુધી કોલેજમાં પ્રવેશ માટે ફાળવેલ બેઠકો ભરાઇ ના જાય ત્યાં સુધી મેરીટ યાદી જોતાં રહેવું. મેરીટમાં નામ આવ્યા બાદ તરત જ જે-તે કોલેજનો ઓફર લેટર લઇને સત્વરે ફી ભરીને પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવવાની જવાબદારી જે-તે વિદ્યાર્થીની રહેશે.

ડીસા કોલેજમાં ગ્રાન્ટ-ઈન-એઈડ તથા સેલ્ફ ફાયનાન્સ ધોરણે નીચે મુજબના મુખ્ય વિષયો ચાલે છે.

**બી.એ. માં ચાલતા વિષયો (ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ)**

મુખ્ય વિષય - ગુજરાતી તથા અર્થશાસ્ત્ર

**બી.એ. ચાલતા વિષયો (સેલ્ફ ફાઈનાન્સ)**

મુખ્ય વિષય- અંગ્રેજી, રાજયશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઈતિહાસ તથા સમાજશાસ્ત્ર

**બી.કોમ. માં ચાલતા વિષયો (ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ-ગુજરાતી માધ્યમ)**

એકાઉન્ટન્સી, સેક્રેટરીયલ પ્રેક્ટીસ(SP), સ્ટેટેસ્ટીક્સ(આંકડાશાસ્ત્ર)

**બી.કોમ. માં ચાલતા વિષયો (સેલ્ફ ફાઈનાન્સ-અંગ્રેજી માધ્યમ)**

એકાઉન્ટન્સી, સ્ટેટેસ્ટીક્સ(આંકડાશાસ્ત્ર)

## CGAS પોર્ટલ પર રજીસ્ટ્રેશનને લગતી માહિતી, પ્રવેશપ્રક્રીયાની માહિતી તેમજ ફોર્મ ભરવાથી માંડીને મેરીટ, પ્રવેશ કન્ફર્મ કરાવવાની તારીખો નીચે મુજબ સામેલ છે જે જોઈને પ્રવેશની પ્રોસેસ કરવી.

|| विद्या अमृतं अश्नुते ||
D.N.P. ARTS & COMMERCE COLLEGE, DEESA

# વિદ્યાર્થીની નોંધણી અને પ્રવેશપ્રક્રિયા

A. વપરાશકર્તા/વિદ્યાર્થીનું નવું ID બનાવવું :

1. GCAS વેબ સાઈટ પર જવું

2. 'Apply Now' નો વિકલ્પ શોધવો, અથવા http://gcasstudent.gujgov.edu.in/ એ ઓનલાઈન રજિસ્ટ્રેશન લિન્ક દ્વારા રજિસ્ટ્રેશન કરવું.




3. જરૂરી વ્યક્તિગત વિગતો સાથે ઓનલાઇન નોંધણી ફોર્મ ભરવાની પ્રક્રિયા :

•નામ : HSC માર્કશીટ/૧૨મા ધોરણની માર્કશીટમાં હોય તે પ્રમાણેનું ઉમેદવારે પોતાનું નામ ભરવાનું રહેશે.

•જન્મતારીખ : ઉમેદવારે તેમની ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાની માર્કશીટ HSEકે 10મા ધોરણની માર્કશીટમાં ઉલ્લેખ કર્યા મુજબ DD/MM/YYYY ફોર્મેટમાં, એટલે કે તારીખ, મહિના અને વર્ષ પ્રમાણે જન્મતારીખ નોંધવાની રહેશે.

•મોબાઈલ નંબર : જે તે દેશના કોડ સાથે 10 અંકનો મોબાઈલ નંબર નોંધવો. દા.ત. (91) 9632388997. (સમગ્ર પ્રવેશપ્રક્રિયા દરમિયાન સુલભ હોય, વપરાશમાં હોય તેવો માન્ય મોબાઈલ નંબર ઉમેદવારે નોંધવાનો રહેશે.)

•ઈ-મેઈલ આઈડી : ઉમેદવારે માન્ય ઈ-મેઈલ આઈડી આપવાનું રહેશે. દા.ત. abcdef@gmail.com, abcdef@yahoo.com અથવા તો અન્ય.

૪. ચકાસણી અને નોધણીનું અંતિમ સોપાન – ફાઈનલ સબમિશન

૫. રજિસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી અને મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે.

૬. ઉમેદવારે આઈડી બનાવવું.

૭. ઈ-મેઈલ આઈડી અને મોબાઈલ નંબર પર યુઝરનેમ અને પાસવર્ડ મોકલવામાં આવશે.

૮. ઉમેદવારે રજિસ્ટ્રેશન પછી તરત જ પોતાનો પાસવર્ડ બદલવાનો રહેશે.

નોંધ: રજિસ્ટ્રેશન કર્યા પછી વિદ્યાર્થીનું પોતાનું ખાસ આઈડી વેબસાઈટ પર બનાવવામાં આવશે. લોગ ઈન કરતી વખતે ઉમેદવારે પોતાની ઓળખ (યુઝરનેમ અને પાસવર્ડ)નો ઉપયોગ કરવાનો રહેશે.

B. પ્રવેશપ્રક્રિયા :

1. ઉમેદવારે પોર્ટલ પર નોંધણી કર્યા પછી આપવામાં આવેલ યુઝર આઈડી અને પાસવર્ડ સાથે પોર્ટલમાં લોગ ઈન કરવાનું જરૂર છે.




2. રજિસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી અને મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે.

3. લોગ ઈન કર્યા પછીવિદ્યાર્થી પોતાનું એપ્લિકેશન ફોર્મ જોઈ શકશે, એક્સેસ કરી શકશે.

4. ઉમેદવારે રાજ્યમાં સંબંધિત અભ્યાસક્રમો અને યુનિવર્સિટીઓ/કૉલેજોને પસંદ કરવાની રહેશે. વિદ્યાર્થી ઈચ્છે તેટલા પ્રવાહ, અભ્યાસક્રમ અથવા યુનિવર્સિટીઓ/કૉલેજો પસંદ કરી શકે છે.



5. અભ્યાસક્રમો અને તેને સંબંધિત યુનિવર્સિટીઓ/કૉલેજોની પસંદગી પછી ઉમેદવારે અરજી ફોર્મ ભરવાનું રહેશે.




6. અરજી ફોર્મ ભરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે :

•નામ : વિદ્યાર્થીનું નામ હાયર સેકન્ડરી એક્ઝામિનેશન (HSE) માર્કશીટ પ્રમાણે/૧૨મા ધોરણની માર્કશીટ મુજબનું હોવું જોઈએ.

•જન્મતારીખ : જન્મતારીખ 10મા ધોરણની માર્કશીટ અને સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટમાં જણાવ્યા મુજબની હોવી જોઈએ.

•કેટેગરી : કેટેગરી માટે આ પ્રમાણેના દસ્તાવેજ, પૂરાવાઓ ઉમેદવારે અપલોડ કે સામેલ કરવાના રહેશે : જનરલ કેટેગરીમાં આવતા ઈડબ્લ્યુએસ (આર્થિક રીતે નબળા વર્ગ), એસસી (અનુસૂચિત જાતિ), એસટી (અનુસૂચિત જનજાતિ), ઓબીસી (અન્ય પછાત જાતિ) અને એસઈબીસી (સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ), વિચરતી જનજાતિઓ અને બિન-સૂચિત જનજાતિ




7. ભરેલા અરજી ફોર્મનું પુનરાવલોકન. (આખરી સબમિશન કરતાં પહેલાં સમગ્ર અરજીપત્રક પર ફરીથી એક નજર નાખવાનું સૂચન કરવામાં આવે છે.)

8. આપવામાં આવેલી પેમેન્ટ ગેટવે લિન્ક દ્વારા એપ્લિકેશન ફીની ચૂકવણી. (યુનિવર્સિટીઓ/કૉલેજો, પ્રવાહો અને અભ્યાસક્રમોની અમર્યાદિત પસંદગી માટે માત્ર એક વખતની એપ્લિકેશન ફીની ચૂકવણી).

9. ભરેલા અરજી ફોર્મને વિદ્યાર્થીના સંબંધિત ઈ-મેઈલ આઈડી પર આપમેળે મોકલવામાં આવશે.




10. વિદ્યાર્થી દ્વારા નોંધણીનું અંતિમ સોપાન – ફાઈનલ સબમિશન




11. વિદ્યાર્થી દ્વારા પસંદ કરવામાં આવેલી તમામ યુનિવર્સિટી/કૉલેજોને સબમિટ કરેલી અરજી મોકલવામાં આવશે.

12. દરેક યુનિવર્સિટી/કૉલેજ ઉમેદવારોનું એક અલગ મેરિટ લિસ્ટ બનાવશે. યુનિવર્સિટી/કૉલેજને મેરિટ લિસ્ટ બનાવવા માટે અને ત્યાંના મેરિટ લિસ્ટ મુજબ વિદ્યાર્થીઓને ઈ-મેઈલ મોકલવા માટે કહેવામાં આવી શકે છે.

13. મેરિટ લિસ્ટના આધારે, પસંદ થયેલા વિદ્યાર્થી દસ્તાવેજની ચકાસણી અને ફી સબમિટ કરવા માટે યુનિવર્સિટી/કૉલેજની મુલાકાત લેશે.

14. યુનિવર્સિટી/કૉલેજ વિદ્યાર્થીની પુષ્ટિ કરશે અને તેની નોંધણી કરશે.

**પાસવર્ડ રીસેટ કરવો – બદલવો :** વિદ્યાર્થી નીચે જણાવ્યા મુજબનાં સ્ટેપ્સ પછી કોઈ પણ સમયે તેમના પાસવર્ડને રીસેટ કરી શકે છે :

1. લોગ ઈન પેજ પર ઉપલબ્ધ Forgot Password ટેબ પર ક્લિક કરો.




2. વપરાશકર્તા વિદ્યાર્થીનું ઈ-મેઈલ આઈડી, એપ્લિકેશન નંબર અને જન્મતારીખની વિગત આપીને Submit બટન પર ક્લિક કરો.

3. રજિસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી અથવા મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે.

4. પાસવર્ડ રીસેટ કરો

**અન્ય મહત્ત્વપૂર્ણ સૂચનો :**

1. અંતિમ નોંધણી, ફાઈનલ સબમિશન પહેલાં તમામ પ્રશ્નો પૂર્ણ કરવા ફરજિયાત છે.

2. હંમેશાં અપડેટેડ, વપરાશમાં હોય તેવાં ઈ-મેઈલ આઈડી અને મોબાઈલ નંબરની વિગત ભરવાની ખાતરી કરો. આપેલા મોબાઈલ નંબર દ્વારા અરજી ફોર્મ સંબંધિત મહત્ત્વપૂર્ણ અપડેટ આપવામાં આવશે.

3. ઉમેદવારે માતા-પિતા/વાલીઓનો સક્રિય સંપર્ક નંબર સબમિટ કરવો ફરજિયાત છે.

4. લાયકાત સંબંધિત તમામ વિગતો યોગ્ય રીતે દાખલ કરવી ફરજિયાત છે. આને કારણે યુનિવર્સિટીઓ/કૉલેજોને સબમિટ કરેલા અરજી ફોર્મને શોર્ટલિસ્ટ કરવામાં મદદ મળે છે.

5. દસ્તાવેજની ચકાસણી અને અંતિમ નોંધણી માટે ઉમેદવારે યુનિવર્સિટી/કૉલેજની પસંદ કરેલી યાદી સંદર્ભે ઈ-મેઈલ મળ્યા પછી યુનિવર્સિટી/કૉલેજની મુલાકાત લેવાની રહેશે.

6. વિકલાંગપણું : ઉમેદવારે શારીરિક વિકલાંગણાના 45 ટકાથી વધુનું પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે.

# GCAS અંતર્ગત ધોરણ-૧૨ પછી સ્નાતક કક્ષાના પ્રોગ્રામ માટે વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા

- ૧૫ સરકારી યુનિવર્સિટીઓ (યાદી વેબસાઇટ- https://gcas.gujgov.edu.in/ પર ઉપલબ્ધ છે) તથા તેને સંલગ્ન સંસ્થા/કોલેજોના વિવિધ વિદ્યાશાખાઓનાં સ્નાતક, અનુસ્નાતક, સર્ટીફીકેટ, ડિપ્લોમા અને પીએચ.ડી. કક્ષાના પ્રોગ્રામ કે જેના પ્રવેશ કોઈ કાઉન્સીલ કે ACPC દ્વારા ન થતાં હોય તેવી વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન GCAS પોર્ટલ ઉપર કરવાનું રહેશે.
- GCAS એ માત્ર અરજી કરવાનું પ્લેટફોર્મ છે. વિદ્યાર્થીને પ્રવેશ સંબંધિત યુનિવર્સિટી/કોલેજ તેમના પ્રવર્તમાન નિયમાનુસાર કરે છે અને તેમને પ્રવેશ અપાય છે.
- GCAS પોર્ટલ અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષાઓમાં ઉપલબ્ધ છે.
- એક જ અરજીમાં વિદ્યાર્થી એક કરતાં વધુ પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટી પસંદ કરી શકશે. પરંતુ એક અરજી મારફત કોઈપણ એક જ પ્રોગ્રામમમાં પ્રવેશ મળશે.
- ૧૦+૨ના આધારે થતાં પ્રોગ્રામ, સ્નાતક કક્ષા બાદના પ્રોગ્રામ અને પીએચ.ડી માટેના ફોર્મ અલગ-અલગ રહેશે.
- સ્નાતક કક્ષાના પ્રોગ્રામ, અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ અને પી.એચ.ડી એમ તમામ લેવલના પ્રોગ્રામ માટે અરજીથી માંડી પ્રવેશ સુધીનું સમયપત્રક અલગ-અલગ હશે.
- વિદ્યાર્થીએ પોતાને લાગુ પડતા સમયપત્રકમાં દર્શાવેલ સમયમર્યાદામાં ફોર્મ ભરવું, એકેડેમીક માહિતી ભરવી, કોલેજોની પસંદગી કરવી, ફી ભરવી અને અરજી સબમિટ કરવા સુધીની તમામ કાર્યવાહી કરવી. ત્યારબાદ સમય પત્રક માં જણાવ્યા અનુસારના દિવસો દરમ્યાન પ્રોવિજનલ પ્રવેશ યાદી જોવી, ગ્રીવન્સ, જો કોઈ હોય તો, તે રજૂ કરવા અને તેનું નિવારણ મેળવવું, આખરી પ્રવેશ યાદી ચકાસવી, પોતાના GCAS લૉગિન માં મળેલ પ્રવેશ ઓફર ચકાસવી, કોલેજ પર પ્રમાણપત્રોની ચકાસણી કરાવી ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.

## પ્રવેશનો પ્રથમ રાઉન્ડ

1. **અરજી પ્રક્રિયા**

a) વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન તા. ૦૧-૦૪-૨૦૨૪થી શરૂ થયેલ છે. વિદ્યાર્થી Course Type/ અભ્યાસક્રમનો પ્રકાર, Applicant Name / અરજદારનું નામ, Birth Date / જન્મ તારીખ, Category / કેટેગરી, Gender/ જાતિ, Email / ઈમેલ અને Mobile No./ મોબાઈલ નંબર આપી રજિસ્ટ્રેશન કરી શકશે તથા બેઝીક પ્રોફાઇલ (Profile)ની માહિતી ભરી શકશે. સૌપ્રથમ વિદ્યાર્થીએ બેઝિક વિગતો સાથે રજીસ્ટર કરવું.

b) વિદ્યાર્થીઓએ લાયકી પરીક્ષાનું પરીણામ આવ્યા બાદ એટલે કે સ્નાતક કક્ષાના કોર્સ માટે ધોરણ-૧૨, અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ માટે સ્નાતકના છેલ્લા સેમેસ્ટરનું અને પી.એચ.ડી માટે જુન-જુલાઇ માસમાં લેવાનાર નેટ (NET) પરીક્ષાના પરીણામ બાદ શૈક્ષણિક (Academic)

માહિતી, કોલેજોની પસંદગી, જરૂરી આધારો અપલોડ કરવા, ફી ભરવી વગેરે કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

c) વિદ્યાર્થીઓએ લાયકી પરીક્ષાના પરીણામમાં ગ્રેડ/CGPA દર્શાવવામાં આવ્યા હોય તો જે-તે વિદ્યાર્થીએ લાયકી પરીક્ષાના પરિણામ સાથે તેને સંબંધિત વિષયમાં મળેલ ગુણ અને તેની ટકાવારીનું સંબંધિત બોર્ડ/યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ પત્રક (Conversion Certificate) ફરજિયાતપણે બિડાણ કરવાનું રહેશે.

d) વિદ્યાર્થીઓએ એવી જ પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટી પસંદ કરવી કે જેમાં તે ખરેખર પ્રવેશ લેવા ઈચ્છે છે. વિદ્યાર્થીઓએ જે-તે પ્રોગ્રામ માટે ઓછામાં ઓછી 25 કોલેજ પસંદ કરવી હિતાવહ છે. જે યુનિવર્સિટીમાં જે-તે પ્રોગ્રામમાં 25 કરતાં ઓછી કોલેજ છે, ત્યાં બધી જ કોલેજ પસંદ કરવી હિતાવહ છે.

e) વિદ્યાર્થીઓએ સમયમર્યાદામાં એપ્લીકેશનને સબમિટ કરવી.

નોંધ: એક વખત અરજી સબમિટ થઈ ગયા બાદ વિદ્યાર્થીને જો કોઈ ભૂલ જણાય તો તેઓ અરજી કરવાના છેલ્લા દિવસ સુધી અરજીને ઓપન કરી અરજી સુધારી શકશે. પરંતુ અરજી ફરી ઓપન કર્યા બાદ સબમિટ કરવી જરૂરી છે. એવી અરજીઓ કે જે સબમિટ નથી કરવામાં આવી, તેને પ્રવેશ માટે ધ્યાન પર લેવામાં નહીં આવે.

f) **પ્રેફરન્સ ફિલિંગ: (ફક્ત જ્યાં સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયા થાય છે તેવી યુનિવર્સિટી સંલગ્ન કોલેજ પસંદ કરેલ હોય તેમને માટે)**

અરજી કરવાની છેલ્લી તારીખ બાદ જે વિદ્યાર્થીઓએ જ્યાં સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયા થાય છે તેવી યુનિવર્સિટી સંલગ્ન કોલેજ પસંદ કરેલ હોય તેમણે જે તે યુનિવર્સિટીની સૂચના મુજબ જે તે યુનિવર્સિટીના પોર્ટલ પર પસંદ કરેલી કોલેજોને પોતાની પસંદગી મુજબનો અગ્રતાક્રમ આપવાનો રહેશે.

2. <u>પ્રોવિઝનલ પ્રવેશયાદી:</u>

અરજી કરવાની છેલ્લી તારીખ બાદ સમયપત્રકમાં જણાવ્યા અનુસાર યુનિવર્સિટી/કોલેજો દ્વારા પ્રોવિઝનલ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે. જે વિદ્યાર્થી GCAS પોર્ટલ પર લૉગિન થઇ તેણે જે યુનિવર્સિટી/કોલેજ/પ્રોગ્રામ પ્રવેશફોર્મમાં પસંદ કરેલ હશે તે તમામ માટે પ્રોવિઝનલ પ્રવેશયાદી જોઈ શકશે.

3. <u>વિદ્યાર્થી દ્વારા ગ્રિવન્સ:</u>

પ્રોવિઝનલ પ્રવેશયાદી જાહેર થયા બાદ સમયપત્રકમાં જણાવ્યા અનુસાર પ્રોવિઝનલ પ્રવેશયાદી સંબંધિત જો કોઈ વાંધો હોય તો વિદ્યાર્થી જે તે યુનિવર્સિટી/કોલેજ ને ગ્રિવન્સ આપી ત્યાંથી ઉકેલ મેળવી શકશે.

GCAS વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા

4. **ફાઈનલ પ્રવેશયાદી:**

પ્રોવિઝનલ પ્રવેશયાદી સંબંધિત જો કોઇ ગ્રિવન્સ મળેલ હોય તો તેના નિકાલ બાદ યુનિવર્સિટી/કોલેજ દ્વારા પોતાની કોલેજની ફાઇનલ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે.

5. **વિદ્યાર્થી દ્વારા OTP મારફત રિપોર્ટિંગ:**

જે તે પ્રોગ્રામ માટેની ઇન્ટેકને આધારે પ્રવેશ માટે ફાઇનલ થયેલ વિદ્યાર્થીઓને ઓનલાઇન પ્રવેશ ઑફર આપવામાં આવશે. વિદ્યાર્થી GCAS પોર્ટલ પર લૉગિન થઇ તેને જેટલી યુનિવર્સિટી/કોલેજમાંથી જેટલા પ્રોગ્રામ માટે ઑફર આપવામાં આવેલ હશે તે તમામ ઑફર જોઇ શકશે. વિદ્યાર્થીએ આપેલ પ્રેફરેન્સ માંથી કોઈપણ એક કોલેજમાં પોતાની પસંદગીની કોઈ એક કોલેજનો પ્રવેશ ઓફર લેટર ડાઉનલોડ કરી જે તે કોલેજ પર રિપોર્ટિંગ કરી પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. પ્રવેશ કન્ફર્મ કરતી વખતે વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઈલ-ઈમેલ પર ઓ.ટી.પી. જનરેટ થશે જે વિદ્યાર્થીએ જે-તે કોલેજને આપવાનો રહેશે.

**નોંધ:** પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થીને પોતાની પસંદગીની કોલેજમાં પ્રવેશ મળતો હોય અને તે વિદ્યાર્થીએ સંબંધિત કોલેજમાં પોતાનો પ્રવેશ કન્ફર્મ ન કરાવ્યો હોય તો તેવા સંજોગોમાં તે વિદ્યાર્થી હવે પછી સંબંધિત કોલેજમાં પ્રવેશ મેળવી શકશે નહીં.

## પ્રવેશનો દ્વિતીય રાઉન્ડ

1. આ રાઉન્ડમાં માત્ર એવા વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે કે જેઓએ GCAS પોર્ટલ પર પ્રવેશ માટે ઓનલાઈન અરજી સબમિટ કરેલ હોય અને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ નથી. એટલે કે વિદ્યાર્થીએ કોઈપણ કોલેજમાં પ્રવેશ કન્ફર્મ કરેલ નથી અથવા તો તેને કોઈપણ કોલેજમાં પ્રવેશ ફાળવવામાં આવેલ નથી.

2. **અપડેટેડ પ્રવેશયાદી:**

પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી/કોલેજ દ્વારા પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલ જગ્યા પર અપડેટેડ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે.

3. **વિદ્યાર્થી દ્વારા OTP મારફત રિપોર્ટિંગ:**

અપડેટેડ પ્રવેશયાદી જાહેર થયા બાદ કોલેજોની ફાઈનલ પ્રવેશ ઓફર વિદ્યાર્થીને તેના GCAS ડેશબોર્ડમાં દર્શાવવામાં આવશે. વિદ્યાર્થી પોતાની પસંદગીની કોઈ એક કોલેજનો પ્રવેશ ઓફર લેટર ડાઉનલોડ કરી જે તે કોલેજ પર રિપોર્ટિંગ કરી પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. પ્રવેશ કન્ફર્મ કરતી વખતે વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઈલ અને ઈમેલ પર ઓ.ટી.પી. જનરેટ થશે જે વિદ્યાર્થીએ જે-તે કોલેજને આપવાનો રહેશે.

GCAS વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા

# પ્રવેશનો તૃતીય રાઉન્ડ

1. આ રાઉન્ડમાં માત્ર એવા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે કે જેઓએ જેઓએ GCAS પોર્ટલ પર પ્રવેશ માટે ઓનલાઈન અરજી સબમિટ કરેલ હોય અને પ્રથમ અને દ્વિતીય રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ નથી. એટલે કે વિદ્યાર્થીએ કોઈપણ કોલેજમાં રિપોર્ટિંગ કરેલ નથી અથવા તો તેને કોઈપણ કોલેજમાં પ્રવેશ ફાળવવામાં આવેલ નથી.

2. <u>**પ્રવેશ ન મેળવેલ વિદ્યાર્થી દ્વારા GCAS પોર્ટલ પર ચોઇસ અપડેટ:**</u>

દ્વિતીય રાઉન્ડ પૂરો થયા બાદ વિદ્યાર્થીઓ સમયપત્રકમાં દર્શાવ્યા અનુસાર GCAS પોર્ટલ પર યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ અંગે પોતાની ચોઈસ અપડેટ કરી શકશે. આ ચોઈસ અપડેટેશન માત્ર પ્રથમ અને દ્વિતીય રાઉન્ડમાં પ્રવેશ કન્ફર્મ ન કરાવ્યું હોય કે પ્રવેશ ન મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓ જ કરાવી શકશે.

**પ્રેફરન્સ ફિલિંગ: (ફક્ત જ્યાં સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયા થાય છે તેવી યુનિવર્સિટી સંલગ્ન કોલેજ પસંદ કરેલ હોય તેમને માટે)**

અરજી કરવાની છેલ્લી તારીખ બાદ જે વિદ્યાર્થીઓએ જ્યાં સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયા થાય છે, તેવી યુનિવર્સિટી સંલગ્ન કોલેજ પસંદ કરેલ હોય તેમણે જે તે યુનિવર્સિટીની સૂચના મુજબ જે તે યુનિવર્સિટીના પોર્ટલ પર પસંદ કરેલી કોલેજોને પોતાની પસંદગી મુજબનો અગ્રતાક્રમ આપવાનો રહેશે.

<u>**અપડેટેડ પ્રવેશયાદી:**</u>

યુનિવર્સિટી/કોલેજ દ્વારા પ્રથમ તથા દ્વિતીય રાઉન્ડ બાદ ખાલી રહેલ જગ્યા પર અપડેટેડ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે.

4. <u>**વિદ્યાર્થી દ્વારા OTP મારફત રિપોર્ટિંગ:**</u>

અપડેટેડ પ્રવેશયાદી જાહેર થયા બાદ કોલેજોની ફાઈનલ પ્રવેશ ઓફર વિદ્યાર્થીને તેના GCAS ડેશબોર્ડમાં દર્શાવવામાં આવશે. વિદ્યાર્થી પોતાની પસંદગીની કોઈ એક કોલેજનો પ્રવેશ ઓફર લેટર ડાઉનલોડ કરી જે તે કોલેજ પર રિપોર્ટિંગ કરી પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. પ્રવેશ કન્ફર્મ કરતી વખતે વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઈલ અને ઈમેલ પર ઓ.ટી.પી. જનરેટ થશે જે વિદ્યાર્થીએ જે-તે કોલેજને આપવાનો રહેશે.

GCAS વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા

## Steps to be followed by the Students for Admission in UG Program

## સ્નાતક કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલાં

For affiliated and constituent colleges / Department of following Universities

(Bhakta Kavi Narsinh Mehta University; Children's University; Hemchandracharya North Gujarat University; Indian Institute of Teacher Education; Krantiguru Shyamji Krishn Verma Kachchh University; Maharaja Krishnakumarsinhji Bhavnagar University; Saurashtra University; Shree Somnath Sanskrit University; Shri Govind Guru University; The Maharaja Sayajirao University of Baroda & Veer Narmad South Gujarat University )

### Round 1

| Days | Step | Process |
|---|---|---|
| 15-05-2024 to 28-05-2024 | STEP 1 | Perform Registration, Academic Profile Filling, Choice Filling, Registration fees Payment and Application submission on GCAS Portal<br>રજીસ્ટ્રેશન કરવું, શૈક્ષણિક માહિતી ભરવી, કોલેજોની પસંદગી, રજીસ્ટ્રેશન ફી ભરવી અને GCAS પોર્ટલ પર અરજી સબમિટ કરવી. |
| 07-06-2024 to 10-06-2024 | STEP 2 | Check Provisional Admission Offer on GCAS Portal,<br>File Grievance to Universities/ Colleges (if any)<br>GCAS પોર્ટલ પર કામચલાઉ પ્રવેશ યાદી ચકાસવી<br>જો કોઈ ગ્રીવન્સ હોય તો યુનિવર્સિટી/કોલેજ ખાતે નોંધાવવી. |
| 13-06-2024 to 21-06-2024 | STEP 3 | Check Final Admission Offer on GCAS Portal, Get print of Offer Letter, Report for admission to Respective Colleges with all original and One set of Self attested photocopy, Pay fees to college and Confirm your admission<br>GCAS પોર્ટલ પર ફાઇનલ પ્રવેશ યાદી ચકાસવી, ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, કોલેજ ખાતે ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવો. |

### Round 2 (if admission not confirmed in Round-1)

| Days | Process |
|---|---|
| 27-06-2024 to 29-06-2024 | Check New Admission Offer on GCAS Portal, Get print of Offer Letter, Report for admission to Respective Colleges with all original and One set of Self attested photocopy, pay fees to college and Confirm your admission<br>GCAS પોર્ટલ પર નવી પ્રવેશ યાદી ચકાસવી, ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, કોલેજ ખાતે ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવો. |

### Round 3 (if admission not confirmed in Round-1 & 2)

| Days | Process |
|---|---|
| 05-07-2024 to 07-07-2024 | Update choice of Program/College/University on GCAS Portal<br>GCAS પોર્ટલ પર પ્રોગ્રામ / કોલેજ / યુનિવર્સિટીની પસંદગી અપડેટ કરવી |
| 16-07-2024 to 19-07-2024 | Check New Admission Offer on GCAS Portal, Get print of Offer Letter, Report for admission to Respective Colleges with all original and One set of Self attested photocopy, pay fees to college and Confirm your admission<br>GCAS પોર્ટલ પર નવી પ્રવેશ યાદી ચકાસવી, ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, કોલેજ ખાતે ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવો. |

# Steps to be followed by the Students for Admission in UG Program

## સ્નાતક કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિધાર્થીઓએ અનુસરવાના પગલાં

**For affiliated and constituent colleges / Department of following Universities**
**(for Gujarat University, Ahmedabad, Gujarat Technological University & S. P. University, Vallabh Viddhyanagar)**

## Round 1

| Days | Step | Process |
|---|---|---|
| 15-05-2024 to 28-05-2024 | STEP 1 | **Perform Registration, Academic Profile Filling, Choice Filling, Registration fees Payment and Application submission on GCAS Portal**<br>રજીસ્ટ્રેશન કરવું, શૈક્ષણિક માહિતી ભરવી, કોલેજોની પસંદગી, રજીસ્ટ્રેશન ફી ભરવી અને GCAS પોર્ટલ પર અરજી સબમિટ કરવી. |
| 02-06-2024 to 04-06-2024 | STEP 2 | **Give Preference to Colleges on University's Portal (given date or as per declared by university)**<br>યુનિવર્સિટીના પોર્ટલ પર કોલેજોને અગ્રતાક્રમ આપવો. |
| 07-06-2024 to 10-06-2024 | STEP 3 | **Check Provisional Admission Offer on GCAS Portal,**<br>**File Grievance to Universities/ Colleges (if any)**<br>GCAS પોર્ટલ પર કામચલાઉ પ્રવેશ યાદી ચકાસવી<br>જો કોઈ ગ્રીવન્સ હોય તો યુનિવર્સિટી/કોલેજ ખાતે નોંધાવવી. |
| 13-06-2024 to 21-06-2024 | STEP 4 | **Check Final Admission Offer on GCAS Portal, Get print of Offer Letter, Report for admission to Respective Colleges with all original and One set of Self attested photocopy, Pay fees to college and Confirm your admission**<br>GCAS પોર્ટલ પર ફાઇનલ પ્રવેશ યાદી ચકાસવી, ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, કોલેજ ખાતે ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવો. |

## Round 2 (if admission not confirmed in Round-1)

| Days | Process |
|---|---|
| 27-06-2024 to 29-06-2024 | **Check New Admission Offer on GCAS Portal, Get print of Offer Letter, Report for admission to Respective Colleges with all original and One set of Self attested photocopy, pay fees to college and Confirm your admission.**<br>GCAS પોર્ટલ પર નવી પ્રવેશ યાદી ચકાસવી, ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, કોલેજ ખાતે ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવો. |

## Round 3 (if admission not confirmed in Round-1 & 2)

| Days | Process |
|---|---|
| 05-07-2024 to 07-07-2024 | **Update choice of Program/College/University on GCAS Portal**<br>GCAS પોર્ટલ પર પ્રોગ્રામ / કોલેજ / યુનિવર્સિટીની પસંદગી અપડેટ કરવી |
| 12-07-2024 to 14-07-2024 | **Give Preference to Colleges on University's Portal**<br>યુનિવર્સિટીના પોર્ટલ પર કોલેજોને અગ્રતાક્રમ આપવો |
| 16-07-2024 to 19-07-2024 | **Check New Admission Offer on GCAS Portal, Get print of Offer Letter, Report for admission to Respective Colleges with all original and One set of Self attested photocopy, pay fees to college and Confirm your admission**<br>GCAS પોર્ટલ પર નવી પ્રવેશ યાદી ચકાસવી, ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, કોલેજ ખાતે ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવો. |